" જય શ્રી કૃષ્ણ "

" જય શ્રી કૃષ્ણ " ભારતીય જન માનસનું અમૂલ્ય જીવન સૂત્ર છે. અતિ અસાધારણ અને અતિ અસામાન્ય આધ્યાત્મિક અલૌકિક અને અદભુત ઉર્જોત્સ સ્પર્શીય સાંસ્કૃતિક અને સંસ્કારિક વિશુદ્ધ, પવિત્ર, વિશ્વાસપૂર્વકનું સર્વોચ્ચ સમ્માનિય ગૌરવવંતુ ઉદબોધન છે. જેમ રાષ્ટ્રનાં ઉત્તમ નાગરિકને સમ્માનિત થતું આન બાન અને શાનનું ગર્વિષ્ઠ પદ

"ભારત રત્ન" " ""રાષ્ટ્રીય નાગરિક - ભારતીય પ્રજાસત્તાકનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર"

આજ ગૌરવ **" જય શ્રી કૃષ્ણ "** સ્મરણથી, દ્રષ્ટિપાતથી, કહેવાથી, ઝીલવાથી, બોલવાથી, લખવાથી અને વિચારવાથી અવશ્ય અનુભવાય છે. **"શ્રીમદ ભાગવત", "શ્રીમદ ભગવદ ગીતા"** ભારતીય સાક્ષરતા અને સંસ્કૃતિની ધરોહર છે. ભારતનાં એક એક નાગરિક આ સંસ્કાર મૂલત્વથીજ પામે છે અને તે જીવન પર્યાંત નિભાવે છે. દ્રષ્ટિ, કાયા, મન, વચન, ધન અને સમર્પણથી તે નિભાવે છે.

ભારતીય દર્શનનાં સર્વે ભૂત, ભવિષ્ય, વર્તમાન અને રજે રજ, કણે કણ, બુંદે બુંદ, તરંગે તરંગ, રંગે રંગ, લહરે લહર, સ્પંદને સ્પંદન, કિરણે કિરણ, વર્ણે વર્ણ, ક્રિયાએ ક્રિયા, કર્મે કર્મ, દ્રષ્ટિએ દ્રષ્ટિ, વૃતિએ વૃત્તિ, કૃતિએ કૃતિ, શ્વાસે શ્વાસ, અંશે અંશ અને પુષ્ટિએ પુષ્ટિ – **" જય શ્રી કૃષ્ણ "**

બ્રહ્માંડનું સત્ય, સાતત્ય, આગ્નેય, પૂર્ણતા, પરિવર્તનતા, પારાયણતા, એકાત્મતા, વૈવિધ્યતા, વિશિષ્ઠતા, પરાકાષ્ઠાનો પાર્દુભાવ **" જય શ્રી કૃષ્ણ "** થી જ સ્ફૂર્યો. સંવાદ, સંવેદના, કૃતજ્ઞતા, સાર્વભૌમત્વતા, કરુણા અને પ્રેમનું પ્રતિક **" જય શ્રી કૃષ્ણ "** છે. **" જય શ્રી કૃષ્ણ "** માં સમાયો અર્થ, ભાવાર્થ, સત્યાર્થ, સમર્થ, યથાર્થ, વૃતાર્થ, કૃતાર્થ, પુરુષાર્થ અને શરણાર્થ.

વ્યાકરણ, પ્રમેય, ગણિત, સિદ્ધાંત, બળ, ગુણધર્મ, પ્રમાણ, ફળ, સાત્વિક, રાજસ, તામસ, આકાર, સાકાર, નિરાકાર, સિદ્ધિ, વૃદ્ધિ, જન્મ, મૃત્યુ પરિણામ લીલા **" જય શ્રી કૃષ્ણ "** થી જ ઉત્સ પામે છે, વિસ્તરે છે, પરિવર્તે છે, સ્થિરે છે.

જીવ જીવનની સર્વે કક્ષા નક્કી કરે છે **" જય શ્રી કૃષ્ણ "**, કારણકે તે સર્વજ્ઞ છે, સંપૂર્ણ છે, સર્વત્ર છે. **" જય શ્રી કૃષ્ણ "** સાર્થક છે, પૂરક છે, સંવર્ધક છે, સંવર્ધન છે, ઉત્થાન છે. **" જય શ્રી કૃષ્ણ "** સંબંધ છે, બંધન છે, નીતિ છે, મતિ છે, ગતિ છે, રીતિ છે, વિધિ છે, નિધિ છે અને ગુણાતીત છે.

પ્રથમ **" જય શ્રી કૃષ્ણ "** માતપિતાએ કહ્યું , સુણ્યું અને સ્વીકાર્યું. જેમ જેમ સમય વહ્યો તેમ તેમ **" જય શ્રી કૃષ્ણ "** જાણ્યો. સ્વ જોડે જોડયું અને સ્વમાં ઉતાર્યું, અપનાવ્યું અને વિસ્તાર્યું.

" જય શ્રી કૃષ્ણ " ની ઉસ્મા, ઉર્જા, તેજ સર્વથા મધુર જ ઉજાળે, પ્રેમ વિહ્વળે, તાપ તપાવે, પરમાત્માને તળવળાએ, થરથરાએ, તડપાવે, તરસાવે અને દૌડાવે. આખરે મિલાવે.

આત્મીય અને પ્રાથમિકતાથી પ્રથમ વંદન – " જય શ્રી કૃષ્ણ "

જીવ, પ્રાણ, આત્મા અને પરમાત્માથી દ્વિતીય વંદન – " જય શ્રી કૃષ્ણ "

તનમાત્રાઓ અને તનમનસ્કાથી તૃતીય વંદન – " જય શ્રી કૃષ્ણ "

દેહ, સૂક્ષ્મ અને કારણ દેહથી - ચતુર્થ વંદન – " જય શ્રી કૃષ્ણ "

આધ્યાત્મિક અને સંસ્કારતાથી - પંચમ વંદન – " જય શ્રી કૃષ્ણ "

વર્ણ, પ્રકર્ણ અને સકર્ણથી વંદન - ષષ્ઠ વંદન – " જય શ્રી કૃષ્ણ "

ધર્મ, ધારણા, ધર્મયજ્ઞ, અને ધર્મપ્રયોગોથી - સપ્તમ વંદન – " જય શ્રી કૃષ્ણ "

તારાં, ગ્રહો, નક્ષત્રો, દિશા, નિહારિકા, આકાશગંગાથી - અષ્ટમ વંદન – " જય શ્રી કૃષ્ણ "

ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળથી – નવમ વંદન – " જય શ્રી કૃષ્ણ "

જીવિત, પૂર્વજો, પ્રેત અને પિતૃઓથી – દશમ વંદન – " જય શ્રી કૃષ્ણ "

સૃષ્ટિ, પ્રકૃતિ અને વૃષ્ટિથી – એકથદશમ વંદન – " જય શ્રી કૃષ્ણ "

શિક્ષા, વિદ્યા, કર્મકાંડ, અને યજ્ઞથી – દ્વાદશ વંદન – " જય શ્રી કૃષ્ણ "

સંસાર, જીવન, વ્યવહાર, અને વ્યવસ્થાથી – તૃતીયદશીય વંદન – " જય શ્રી કૃષ્ણ "

ઋણાત્મક બંધનોથી – ચતુર્થદશીય વંદન – " જય શ્રી કૃષ્ણ "

મોક્ષ, મુક્તિ અને ગૌલોકધામથી – પંચદશીય વંદન – " જય શ્રી કૃષ્ણ "

"જય જગન્નાથ – જય શ્રી કૃષ્ણ"

" જય શ્રી કૃષ્ણ " પુષ્ટિ વૈષ્ણવ – ડોક્ટર

ગોપાલભાઈ જેવા હોસ્પિટલ પહોંચ્યા તો ઓપિડી હોલમાં ભરચક પેશન્ટો! ઓહહહ! આટલા બધા માનસિક ને શારીરિક રોગીઓ, આ કેવું? તેમને સહુ આવેલ પેશન્ટને " જય શ્રી કૃષ્ણ " કર્યા અને રિસીપ્ટશનીષ્ટને સૂચના આપી કે દરેકની રીપોર્ટ ફાઈલ મને આપે, અને જે નામ કહું તે પેશન્ટ ને મોકલવા.

નામ: તારિખ:

શું થયું છે - થાય છે____

રીપોર્ટ:

ટેવો____

હોબી____

કુટુંબ ની માહિતી:

વ્યવસાય:

કુટુંબ નો વ્યવસાય:

પોતે તપાસેલો રીપોર્ટ:

સૂચના:

દવાઓ – વિગતવાર:

ફરી ક્યારે બતાવવા આવવાની તારિખ:

હિસ્ટ્રી લખી બાદ તે દવાઓ લખી આપે સમય બદ્ધ

દવાઓ

બીજી વાર આવ્યા તે સમયની માનસિક અને શારીરિક રીપોર્ટ

ખાસ ટિપ્પણી

એક પેશન્ટ જોતા ત્રીસ મિનિટ લાગે

તેમને દસ પેશન્ટ તપાસયા, ઓપિડી હોલમાં આવ્યા, જોયું તો ઘણા પેશન્ટ બેઠા હતા.

તેઓએ બે હાથ જોડી **" જય શ્રી કૃષ્ણ "** કહી વિનંતી કરી

મારી માનસિકતા અને શારીરિકતા મુજબ હું રોજ નવા પાંચ પેશન્ટ જોઈ શકીશ અને પાંચ જુના જોઈ શકીશ, જેઓને બીજા નિષ્ણાંત ડોક્ટર પાસે જવું હોય તેઓ જઈ શકે છે.

બેઠેલા પેશન્ટો ઉભા થઈ ને તેમને **" જય શ્રી કૃષ્ણ "** કહી બે હાથ જોડી વિનંતી કરવા લાગ્યા - સાહેબ! આપ જ અમને તપાસો અમે બીજા ડોક્ટર પાસે નથી જવાના.

ગોપાલભાઈ બોલ્યા - ભાઈઓ મારી કેપેસીટી જ દસ પેશન્ટ જોવાની છે.

ઘરે પહોંચતા વાળુ કરી (ભોજન કરી) તેઓ તેમની નિત્ય આરામ ખુરશીમાં બેસીને સંગીત સાંભળતા હતા, એકાંત, શાંતિ અને સંગીત એટલે એકાગ્રતાની સમાધિ. ત્યાં જ એમની પત્ની ગૌરીબેન આવ્યા – અરે! આ ફ્રૂટનો જ્યુસ ના પીધો! ગોપાલભાઈની આંખ ઉઘડી. ઓહહ! ગૌરી! **" જય શ્રી કૃષ્ણ "** તું આવી. ગૌરીબેને **" જય શ્રી કૃષ્ણ "** કહીને બોલ્યા – અરે આ જ્યુસ મૂકવા આવી ત્યારે તમે સંગીતમાં તલ્લીન હતા, એટલે કીધાં વગર જ્યુસ મૂકીને ચાલી ગઈ, મનમાં એમ કે જોશે એટલે જ્યુસ પીસે. અરે ગૌરી! બેસ! હું વિચારતો હતો કે આ ડોક્ટર ઉપાધિ એટલે શું? તું કઇંક સમજાવ.......

દુનિયામાં આ ડોક્ટર નામની ઉપાધિ કેમ?

કેમ શું થયું?

અરે! હું ડોક્ટર બન્યો છું **જીવ સૃષ્ટિની રિસર્ચમાં, તેનાં એક એક સેલ શું છે? તેનાં અંગો શું છે? અને બીજું અનેક કે તેનાથી આ મન, આત્મા, પરમાત્માની સત્યતા, તેજ, વાયુ, જળ વિગરે તત્વોથી શું શું પરિવર્તન થઈ શકે છે, મનુષ્ય જીવનનું રહસ્ય જાણવા. આધ્યાત્મથી ઉર્જાની અસરો વિગરે વિગરે...**

તેની જગ્યાએ સમાજનાં વિશ્વાસથી રોગ કે આ શરીરનાં અંગોનું નિદાન કરી એક એક પ્રતિષ્ઠિત ઊંચા સ્થાન પર બેસી સમાજનો ઉપયોગ કે ઉપભોગ કરવાનો.

આપ શું કહો છો? વિસ્તારથી કહો

ગૌરી! હું જ્યારે ડોક્ટરેટનું ભણતો હતો ત્યારે જીવ અને જીવનની અનેક શાખાઓ, પ્રકૃતિ અને વિજ્ઞાનનાં અનેક સિધ્ધાંતોનો અભ્યાસ કરતો હતો, સાચે જ કહું, જ્યારે ડોક્ટર બન્યો અને હોસ્પિટલનાં પગથિયાં ચડયો ત્યારે પણ **આ જ વિચારો અનેક સંકલ્પો, અનેક સ્વપ્નો અને**

અનેક ઊંચાઈઓ મારા મન, તન અને સ્વ સ્પંદનોમાં ગૂંજતા હતા. એક્સપર્ટ ડોક્ટરો સાથે જીવ જીવન, પ્રકૃતિ વિજ્ઞાનમાં તેઓની સાથે મળીને અનેક રિસર્ચ કરીશ કે જીવ સૃષ્ટિ નિરોગી રહે, અનેક રોગ પ્રતિરોધક ફોર્મુલા, દવાઓ, યોગ્ય જીવનની મૂળ પદ્ધતિ, અન્ન જળની વિશુદ્ધતા વિગરેની વૈજ્ઞાનિક પદ્ધતિઓ શોધ કરીશું, વિગરે વિગરે.......

ગૌરીબેન બોલ્યા – તો કરોને, કેમ રોકાયા છો? તમને કોણ રોકે છે?

ગૌરી! આ સમાજ વ્યવસ્થા, મારા કૌટુંબિક બંધનોએ મને એવો સ્વભાવ, મન અને જીવનવાળો બનાવી દીધો છે કે – **એક લાચાર ધનાઢ્ય પ્રતિષ્ઠિત મૃત ડોક્ટર!**

શું કહો છો!

હા! ગૌરી! આજે એક એક પેશન્ટને જોતો હતો, તેની એક એક માહિતી મેં સમજી અને એક જ ઉપચારથી તે પેશન્ટનો રોગ દુરસ્ત થઈ જતો હતો પણ **આ દવાનાં ઉત્પાદકો, હોસ્પિટલો, લેબોરેટરી, ઈમેજીન સેંટર, એમઆરઆઈ, એક્ષરે વિગરે વિગરે મને કમિશન આપી મૃત કરે છે.**

તો તમને કોઈ બીજો ઉપાય કે ઓલ્ટરનેટ ધ્યાનમાં આવે છે?

ગોપાલભાઈ ઉત્તેજિત થઈને ઉત્સાહમાં બોલી ઉઠયા - ગૌરી! એક ઉપાય છે અગર તું મને સપોર્ટ કરે તો

ગૌરીબેન પણ એકદમ જ આનંદમાં આવીને બોલ્યા – ચોક્કસ! તમે કહો તે કરવા હું તૈયાર છું.

ગૌરી! તારે રોજ ઓપિડી સમયે હોસ્પિટલ આવવું પડે, પેશન્ટ દવા તારા હસ્તે જ લઈને જાય.

ગૌરીબેન આશ્ચર્યથી બોલ્યા - એટલે હું કમ્પાઉન્ડર!

ના ના ના! દવા તારા હાથથી આપતી વખતે તારે - જે દવાનો ડોઝ લખ્યો છે તે લેતી વખતે

" જય શ્રી કૃષ્ણ " " જય શ્રી કૃષ્ણ " " જય શ્રી કૃષ્ણ " એમ ત્રણ વખત બોલીને દવા લેવી.

ગૌરીબેન કહે - **અરે! " જય શ્રી કૃષ્ણ " બોલવાથી શું થાય? તમે મને ચકડોળે ચઢાવો છો, તમે ડોક્ટર છો કે ધર્મગુરૂ છો?**

ઓહહ! ગૌરી! હું નથી તને કોઈ ચકડોળે ચડાવતો કે નથી કોઈ ધર્મગુરૂ! **મને " જય શ્રી કૃષ્ણ " કહેવાથી કે બોલવાથી એક એવી ઉર્જા જાગૃત થાય છે, જે ઉર્જા રોગ પ્રતિરોધક છે અને એનો હું પ્રત્યક્ષ પુરાવો છું.**

ગૌરીબેન સહસા બોલી ઉઠયા – શું વાત કરો છો? તમે ડોક્ટર! અને આ અનુભૂતિ!

હાં!

તને ખબર છે – <u>આપણો દીકરો નીલ ખૂબ બીમાર પડી ગયેલો ત્યારે તારી ધીરજ, પૂજા, સત્સંગ કીર્તન, ગૃહસેવા અને આધ્યાત્મિકતા એજ તેને રોગથી નિર્મૂળ કરેલો.</u>

શું વાત કરો છો!

હાં! બિલકુલ! જો તું ધ્યાનથી અને હિમ્મતથી જાણવાની અને સમજવાની હોય તો જ તને કહું અને બતાવું?

ગૌરી! એમ બે હાથ ચહેરા પર ઢાંકવાથી હિમ્મત નહીં આવે!

<u>ના ના! હું તો શ્રીપ્રભુને વંદન કરું છું અને પ્રાર્થના કરું છું – હે કૃષ્ણ! અમારો તું આટલો બધો ખ્યાલ રાખે છે! મને તો એમ જ છે કે મારો પતિ ડોક્ટર છે એટલે મારો દીકરો સ્વસ્થ અને નિરોગી! આજે એમના મુખે સાંભળ્યુ કે મારા વ્હાલા દીકરાનો રખવાળો તો તું છે.</u>

મારામાં અતૂટ શ્રદ્ધા અને વિશ્વાસ છે એટલે તમે મને જે જણાવવું હોય તો જણાવો હું હિમ્મતથી તે સમજીશ.

ચાલ બેટાનાં રૂમમાં, ગોપાલભાઈએ બેટાનું કબાટ ખોલી ત્રણ ફાઈલો કાઢી – પહેલી ફાઇલમાં રિપોર્ટ, બીજી ફાઇલમાં એમઆરઆઈ અને એક્સરેનાં નેગેટિવસ અને ત્રીજી ફાઇલમાં દવાઓનાં પ્રિસ્ક્રિપ્શન અને હિસ્ટરી.

જો ગૌરી! હિમ્મત રાખવાનું તેં મને વચન આપ્યું છે!

હાં હાં! ચોક્કસ!

આ પહેલું ડોકયુમેંટ – જેમાં લખ્યું છે – બેટાને બ્લડ કેન્સર છે અને તેની લાઇફ ફક્ત ત્રણ મહિના જ તે જીવવાનો છે.

આટલું સાંભળતા જ ગૌરીબેન હેબતાઈ ગયા અને ગભરાવા માંડયા. ગોપાલભાઈએ હિમ્મત આપી અને કહ્યું – અરે તું ડોક્ટરની પત્ની છે!

હાં! પણ એક માં પણ છું!

રણકો સાંભળી ગોપાલભાઈ ખુશ થઈ ગયા - ગૌરી હિમ્મતવાળી છે, માતૃત્વ ઉર્જાવર્ધક પણ છે.

તમામ ડોક્યુમેંટ્સ જોયા બાદ ગૌરીબેન ગોપાલભાઈનાં ચરણસ્પર્શ કરે છે, ગોપાલભાઈએ તેને બાથમાં લઈને કહે છે – **ગૌરી! આ તારી પૂજા, સત્સંગ કીર્તન, ગૃહસેવાનું પરિણામ છે. બંનેનાં મુખમાંથી વારંવાર " જય શ્રી કૃષ્ણ " " જય શ્રી કૃષ્ણ " સરી જાય છે.**

હવે જો તને બતાવું મૂળ પુષ્ટતા – તમામ એક્ષ્પર્ટોએ જવાબ આપી દીઘેલો, એટલે એને ઘરે લાવ્યા. જેવો ઘરનાં આંગણામાં પ્રવેશે છે, તેં એને " જય શ્રી કૃષ્ણ " કહ્યું અને એને પ્રત્યુત્તરમાં કેવળ માથું હલાવ્યું – " જય શ્રી કૃષ્ણ ".

તેની રૂમમાં તેને સુવડાવીને તું ગૃહસેવા રૂમમાં જઈને શ્રીપ્રભુને દંડવત પ્રણામ કરીને ચરણામૃત લીધું, તેનાં કપાળ પર " જય શ્રી કૃષ્ણ " કહી ઘસયુ. બીજે દિવસે સવારથી તેં તેની સર્વે જવાબદારી એટલે સાફ સફાઈ, સ્નાનાદિ ક્રિયાઓ તારાં શિરે લઈ લીધી. શ્રીઠાકોરજીને ગૃહસેવા પહોંચાડી, તું તેને રેગ્યુલર શ્રીયમુનાજીની ઝારી પાન, ઔષધિ જેવી સામગ્રી સિદ્ધ કરી, રોજ તેનો પ્રસાદ કણિકા કણિકાથી તું એને જમાડતી. જમાડતા સમયે જે કીર્તન તેં ગૃહસેવામાં શ્રીઠાકોરજી સમક્ષ વિનંતી કરેલી તે જ કીર્તન તું નીલને સંભળાવતી. બપોરે ષોડશ ગ્રંથનું ગાન કરતી. દિવસનો આ ક્રમ શ્રદ્ધા અને વિશ્વાસથી તું કર્યે જતી હતી ત્યારે તારાં ચહેરા પર એક અનોખી આભા નીલને સ્પર્શ કરતી હતી, જો આ ફોટો!

સાત દિવસ બાદ અમારી ટીમે તેનો રિપોર્ટ કાઢ્યો તો કઇંક અજુગતું દેખાયું. જે જગ્યાએ સ્પોટ હતા તે થોડા ઝાંખા લાગતાં હતા. અમે સહુએ વિચાર્યું જોઈએ આગળ શું થાય છે. બીજા અઠવાડીયામાં નીલનો ચહેરો વધુ તેજસ્વી લાગવા માંડયો, નીલ ભોજન માંગવા માંડયો, અમારી ટીમે વિચાર્યું કે આવી બધી અસરો છેલ્લા સમયમાં આવી શકે છે. ત્રીજે અઠવાડિયે અમે તેનો રિપોર્ટ જોયો, **ઓહ્હ! અદભુત! કઇંક નવાઈ ભરેલું લાગ્યું – કાળા ડોટ્સ બિલકુલ ગાયબ.** અમારી ટીમ ખૂબ અવઢવમાં પડી ગયી – આ શું! અમે આ રિપોર્ટ યુએસએ મોકલયા. દસ દિવસ બાદ ત્યાથી રિપોર્ટ આવ્યો હજુ હિસ્ટરી મોકલો. અમે તરત રિપોર્ટ કાઢીને મોકલ્યો. થોડા દિવસ બાદ રિપોર્ટ આવ્યો, અમે પણ રિપોર્ટ જોયો – અમને ચમત્કાર દેખાવા માંડયો. આ બાજુ નીલ તેની રૂમમાં ચાલે, ગીત સાંભળે, આપણી સાથે અનેક વાતો કરે.

એક દિવસ તું કોઈ સામગ્રી ખરીદવા બહાર ગયી હતી ત્યારે, અમે બે એકલા હતા – ત્યારે નીલ બોલ્યો - પપ્પા! " જય શ્રી કૃષ્ણ " પપ્પા તમે અને મમ્મી મારી અનોખી કાળજી રાખો છો, પપ્પા! મમ્મી ગૃહસેવા કરે છે ને ત્યારબાદ મને કઇંક એવી ઉર્જા સ્પર્શે છે જે નવ પ્રાણ પૂરે છે.

મેં કહ્યું બેટા! " **જય શ્રી કૃષ્ણ** " આ સર્વે તારી મમ્મીની પુષ્ટિ ભક્તિનું કોઈ બળ તારામાં નિરૂપે છે. પપ્પા! તમે મને ડોક્ટર જ બનાવજો, મારે પણ તમારી જેમ સેવા કરવી છે! ચોક્કસ! બેટા! તે મને વળગી પડયો, જ્યારે તે વળગયો ત્યારે તેનું જોમ જે અમને મેડિકલ સાઇન્સે દર્શાવેલ તે મર્યાદામાં હતું.

બીજે દિવસે અમેરિકાથી ફાઇનલ રિપોર્ટ આવ્યો – No any prediction of abnormalities. અમારી ટીમ અતિ અચરજ પામી અને જુના સર્વે રેકોર્ડ વારંવાર તપાસયા, લેબોરેટરી, ઈમેજીન સેંટર, કલ્ચર રિપોર્ટ. સૌની ત્યાં જાતે જ જોઈ આવ્યા, સહુનાં તમામ ઇન્સ્ટ્રુમેંટ્સ અને પદ્ધતિ તપાસી, બધુ જ બિલકુલ ચોક્કસ.

જે મેડિસિન આપતા હતા તેનાં બ્રાન્ડ, specification, સર્વે પર્ફેક્ટ. અમે અમારા અનુભવોનાં ઇતિહાસ જોયા – **અમને નીલ માટેનો રોગનો નિર્ણય એ જ હતો જે આજે પણ છે.** ત્યારબાદ અમારી ટીમે મને જવાબદારી સોંપી, પ્રથમ પ્રશ્ન કર્યો - **તમારા ઘરમાં કોઈ ટ્રીટમેન્ટ કરાય છે?**

મેં કહ્યું – ના

એક કામ કરો તેની **દરેક વૃતિ, પ્રવૃતિ, સ્વભાવ, ઘરનાં સભ્યોનો વ્યવહાર અને કૌટુંબિક વાત્સલ્ય શક્તિનો અભ્યાસ કરીએ. તમે એક એક વિગત note-down કરો.**

મેં – દસ દિવસ સુધી આ માહિતી એકઠી કરી, આ માહિતીમાં એક વાક્ય પર સહુની નજર પડી જે ઓછામાં ઓછું ૧૦૮ વખત " **જય શ્રી કૃષ્ણ** " લખેલું. અને તે દિવસે તેનો રિપોર્ટ પણ કઢાવવા આપ્યો. અમે સહું રોજ જ આખી ટીમ એક જ વિષય પર ચર્ચા – નીલ.

ત્રણ દિવસ બાદ રિપોર્ટ આવ્યો, નીલ સંપૂર્ણ પણે – Normal, found perfect.

મને સ્પેશિયાલિસ્ટ ડોક્ટરે પૂછ્યું – ડોક્ટર ગોપાલભાઈ! આપે આ " **જય શ્રી કૃષ્ણ** " આટલી બધી વખત રિપીટ કેમ કર્યું છે?

સાહેબ! જે રિઆલિટી હતી તે જ લખી છે – **અમે અમારા બાળક જોડે દિવસમાં જ્યારે પણ મળીએ કે છુટા પડીએ ત્યારે વાત્સલ્ય અને કરુણામયથી અમારા સંસ્કાર " જય શ્રી કૃષ્ણ " કહીને નિરૂપતા હતા.**

સ્પેશિયાલિસ્ટ ડોક્ટર બોલ્યા –આ બાબતે કઇંક વિચારવું પડશે, તેઓએ ઊભા થઈને અમને સહુને " **જય શ્રી કૃષ્ણ** " કહ્યા. તેઓ ઘરે ગયા – તેમને તેમની પત્નીને " **જય શ્રી કૃષ્ણ** " કહ્યું,

અરે તમે અને આ વાક્ય! " **જય શ્રી કૃષ્ણ** "

હાં! ખબર નહીં, મારા આખા મન અને શરીરમાં બસ કેવળ આ જ " **જય શ્રી કૃષ્ણ** " ગૂંજે છે.

શું વાત કરો છો – ડોક્ટર! અને આ વાક્યા! મારી પત્ની હંસી, મને આજે ખૂબ આનંદ થયો.

ડોક્ટર વિચારવા માંડયા " **જય શ્રી કૃષ્ણ** " શું છે? મારી પત્ની પણ મારા " **જય શ્રી કૃષ્ણ** " કહેવાથી આનંદ માં, તેનો અર્થ થાય છે કે કઇંક તથ્ય છે " **જય શ્રી કૃષ્ણ** " માં. **વિચાર નાં અંતે તેઓ નિર્ણય પર આવ્યા કે " જય શ્રી કૃષ્ણ " સૌને કહેવું, તેની અસર આનંદમય છે. જીવનમાં રોગ આવવાનું મૂળ સ્ત્રોત્ર " જય શ્રી કૃષ્ણ " નો ત્યાગ થયો કે ભૂલી જવું છે એટલે.**

" જય શ્રી કૃષ્ણ " કહેતા જ રોગચાળો, અંધાધૂંધી, અસમંજસ, વ્યવહારી વ્યવસાય નષ્ટ પામે છે અને હ્રદયમાં જે ચેતના જાગે છે, તે ચેતનાનાં કિરણો કહેવાથી કે ઝીલવાથી Energy જાગે છે. નીલનો કેસ અદભૂત સંકેત આપે છે. આજથી હું જેને પણ મળીશ તેને " જય શ્રી કૃષ્ણ " કહીશ.

સવારે ડોક્ટર હોસ્પિટલ પહોંચ્યા સર્વે સ્ટાફને " **જય શ્રી કૃષ્ણ** " કહ્યાં – સહુ અચંભિત પામ્યા, ડોક્ટરનાં મુખ પર એક અજબની ઉર્જા જણાતી હતી. આજે બે ઓપરેશન હતા, બંને ઓપરેશન કર્યા બાદ તેઓ કેન્ટીનમાં ચાય નાસ્તો કરવા ગયા ત્યાં ગોપલભાઈ બેઠેલા જોઈ ડોક્ટરે ગોપાલભાઈ ને " **જય શ્રી કૃષ્ણ** " કહ્યું તો ગોપાલભાઈ પણ ઊભા થઈ તેમનું " **જય શ્રી કૃષ્ણ** " કહી અભિવાદન કર્યું. ગોપાલભાઈ ને **વિશ્વાસ આવી ગયો કે નીલ હવે ચોક્કસ પ્રમાણિતતાથી રોગ મુક્ત છે.** તેમણે તરત ગૌરીબેનને ફોન કર્યો, ગૌરી! " **જય શ્રી કૃષ્ણ** " આનંદદાયક સમાચાર છે – નીલ રોગ મુક્ત છે. અભિનંદન! અત્યારે જ સ્પેશિયાલિસ્ટ ડોકટરે મને વિશ્વાસ પૂર્વક રિપોર્ટ આપ્યો.

ગૌરીબેને " જય શ્રી કૃષ્ણ " પ્રત્યુતર આપી આનંદ આનંદમાં " જય શ્રી કૃષ્ણ " મારા ગોપાળ! હે **મારા કૃષ્ણ! હું ચોક્કસ હોસ્પિટલ આવીને દરેક પેશન્ટને દવા આપીને સમજાવીશ – લેતી વખતે ત્રણ વાર " જય શ્રી કૃષ્ણ " " જય શ્રી કૃષ્ણ " " જય શ્રી કૃષ્ણ " બોલવું.**

सेवा सत्संग स्पर्श धारा

प्रकाशक: Vibrant Pushti - Vadodara

Vibrant Pushti

૫૩, સુભાષપાર્ક, સંગમ ચાર રસ્તા, હરણી રોડ, વડોદરા – ૩૯૦૦૦૬

Email: vibrantpushti@gmail.com - Mobile - 9327297507